અપીલ અરજી નં.૩૫૫ તા.૨૧–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૯–૧–૧૧ ની અરજીથી (૧)ગુજરાત હાઉસીંગ બોર્ડ પાંડેસરા, મેઈનરોડ, ગોપાલ ટ્રેડર્સની બાજુમાં બાંધકામ ત્રીજા માળનું ચાલે છે. (૨) ગુજરાત હાઉસીંગ સ્થિત શારદા હાઈસ્કુલ પાછળ બાંધકામ ચાલુ છે. (૩) દાગીનાનગર રાણીલક્ષ્મીબાઈ બાગથી આગળ ગેબનશા દરગાહની સામેની ગલીમાં બાંધકામ ચાલુ છે વિગેરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૧–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૫/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૯–૧–૧૧ ની અરજીથી (૧)ગુજરાત હાઉસીંગ બોર્ડ પાંડેસરા, મેઈનરોડ, ગોપાલ ટ્રેડર્સની બાજુમાં બાંધકામ ત્રીજા માળનું ચાલે છે. (૨) ગુજરાત હાઉસીંગ સ્થિત શારદા હાઈસ્કુલ પાછળ બાંધકામ ચાલુ છે. (૩) દાગીનાનગર રાણીલક્ષ્મીબાઈ બાગથી આગળ ગેબનશા દરગાહની સામેની ગલીમાં બાંધકામ ચાલુ છે વિગેરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૪૬ તા.૨૮–૨–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૯–૧–૧૧ ની અરજીથી ઉધનાઝોનના પાંડેસરા વિસ્તારમાં ચાલતા જુદા જુદા બાંધકામો તથા ઉધનાઝોનમાં આવેલી સાદી અરજીઓ બાબતે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જેમાં (૧)ગુજરાત હાઉસીંગ બોર્ડ પાંડેસરા, મેઈનરોડ, ગોપાલ ટ્રેડર્સની બાજુમાં બાંધકામ ત્રીજા માળનું ચાલે છે. (૨) ગુજરાત હાઉસીંગ સ્થિત શારદા હાઈસ્કુલ પાછળ બાંધકામ ચાલુ છે. (૩) દાગીનાનગર રાણીલક્ષ્મીબાઈ બાગથી આગળ ગેબનશા દરગાહની સામેની ગલીમાં બાંધકામ ચાલુ છે. (૪) ઝીલ બેકરી પાસે મીરાનગર સામે ઉધના સ્થિત બાંધકામ ચાલુ છે (૫) જુના પેટ્રોલપંપ સામે ઓમ સાંઈ મેડીકલની પાછળ અમુક દુકાનનું બાંધકામ થયેલ જણાય છે તે ઉપરોકત પાંચેય બાંધકામની પરવાનગી, કાયદેસરતા, માળ, ક્ષેત્રફળ, પાર્કીગ, ઉચાઈ, જમીનના માલીકોની વિગતો તથા બાંધકામ અંગે પરવાનગી ન આપેલ હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા અને તેઓની (સેલેરી) પગાર સહિતની વિગતો સહિતની સંપૂર્ણ માહિતી, પરવાનગી , રજાચિઠ્ઠી, સૈધ્ધાંતિક મંજુરી આપેલ હોય તો તેની નકલ સહિત ની સંપૂર્ણ માહિતી આપવી. (૬) સાઉથઝોન ઉધનાના ડે.ઈજનેર , જુ.ઈજનેર શહેર વિકાસ, રોડ ખાતુ, પાણી ખાતુ, લાઈટખાતુ, આ તમામ અધિકારીઓની સેલેરી ની વિગતો અને ઈ.આ. ટાઈમ સહિતની હાજરી ન લાગતી હોય તો (સેલેરી) પગાર કઈ રીતે ગણાય છે તે પધ્ધતિની સંપૂર્ણ માહિતી. સ્ટેશન ડયુટીના સમયે આ અધિકારીઓ અન્ય કામમાં વ્યસ્ત હોય, રોકાયેલ હોય તો આ લોકો ઉપર જેનું સુપરવીઝન (વોચ રાખતા હોય) તે જવાબદાર અધિકારીના નામ હોદ્દા પગાર સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત. (૭) તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧૨–૧૦ સુધીમાં ફરજ પર મોડા આવ્યા હોય , અથવા કોઈ કામમાં બેદરકાર રહયા હોય તેવા અધિકારીઓ વિરુધ્ધ થયેલી કાર્યવાહી તથા જે તે કાર્યવાહી થઈ હોય તેની માહિતી તથા કાર્યવાહી કરનાર અધિકારીના નામ સહિતની માહિતી. (૮) પાંડેસરા ગુ.હા.બોર્ડ માં નવદીપ વિદ્યાલય ઉપર લગાવેલ ટાવર વિરુધ્ધની અમારી બે અરજીઓ જુલાઈ–૧૦ માં આપેલી તેની થયેલી કાર્યવાહી તથા જો કોઈ નોટીસ આપી હોય તો તેની મુદત તથા મુદત પછી થયેલી કાર્યવાહીની માહિતી તથા આજ સુધી તે સાદી અરજીઓના જવાબ નહીં આપનાર બેદરકાર, ભ્રષ્ટ બેજવાબદાર (બંને અરજી) પોતાના તાબામાં રાખનાર (અલગ અલગ) અધિકારીઓના નામ હોદ્દા તથા સેલેરી પગાર સહિતની સંપૂર્ણ માહિતી. (૯) તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧૨–૧૦ સુધીમાં સાઉથ ઉધનાઝોનમાં તમામ વિભાગો મળી કુલ આવેલી અરજીઓ (સાદી) ની તથા આ અરજી કરનાર અરજદારને પ્રત્યુત્તર પાઠવેલ હોય તેની આંકડાકીય માહિતી અને અરજદારને અરજીની વિગતો કે પ્રત્યુત્તર ન આપેલ હોય તેની માહિતી તથા જે તે વિભાગના જે તે જવાબદાર અધિકારીનું નામ હોદ્દા પગાર સહિતની માહિતી.

આમ અરજદારે મુદ્દા નં.૧ થી ૫ હાલના સમયે તથા મુદ્દા નં.૬ થી ૯ વર્ષ ૨૦૧૦ ના સમયની માહિતી માંગતી અરજી કરેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રતિભાવ કે નિર્ણય ન મળેલ હોવાથી તેમજ અરજદારે કોઈ નિર્ણય કે માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૨૧–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. સાથે માહિતી ન આપનાર જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ પગલા ભરવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કાર માટે અપવાદનું કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ પગલા ભરવાની કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને છે. તેથી તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી હાથ ધરવાની રહેતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,